# જિલ્લાના ૮૯ ગામોમાં વેક્સિનના પ્રથમ ડોઝની ૧૦૦ ટકા કામગીરી સંપન્ન થઈ

**કલોલના ૧૧, ગાંધીનગરના ૧૩, માણસાના ૩૭, દહેગામના ૨૮ ગામોમાં ૧૦૦ ટકા કામગીરી સંપન્ન થઈ : શહેરમાં ૪,૦૪,૨૨૫ લોકોને અત્યાર સુધીમાં આવરી લેવાયા**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં કોરોના વેક્સિનેશન અભિયાનમાં ૮૯ ગામોમાં પ્રથમ ડોઝ વેક્સિનનો આપવામાં ૧૦૦ ટકા કામગીરી સંપન્ન થઈ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૮૧૯ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. શહેરમાં ૩૮૪૯ લોકોને આ અભિયાનમાં આજે આવરી લેવાયા હતા. આમ આજે શહેર-જિલ્લામાં ૧૩,૬૬૮ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૬,૭૬,૧૭૫ લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવામાં આવ્યા છે. જેમાં ૫,૩૪,૩૬૬ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે જ્યારે ૧,૪૧,૮૦૯ લોકોને વેક્સિનના બન્ને ડોઝ આપી દેવામાં આવ્યા છે.

જિલ્લાતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે અત્યાર સુધીમાં વેક્સિનેશન અભિયાનમાં ૩,૬૩,૬૩૧ પુરૂષો અને ૩,૧૨,૪૫૯ મહિલાઓને આવરી લેવામાં આવેલ છે. ૧૮ થી ૪૪ વર્ષના વયજૂથમાં ૨,૯૮,૦૫૦ લોકોને, ૪૫ થી ૬૦ વયજૂથમાં ૨,૨૯,૫૨૭ લોકોને જ્યારે ૬૦+ વયજૂથમાં ૧,૪૮,૩૯૮ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના સંક્રમણની સ્થિતિ નિયંત્રણમાં આવ્યા પછી વધુ ને વધુ લોકોને વેક્સિનેશન હેઠળ આવરી લેવા માટે પોલીંગ બુથ પેટર્ન પર અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૮૯ ગામોમાં વેક્સિનનો પ્રથમ ડોઝ આપવાની કામગીરી ૧૦૦ ટકા સંપન્ન થઈ છે. જેમાં કલોલ તાલુકાના ૧૧, ગાંધીનગરના ૧૩, માણસાના ૩૭, દહેગામના ૨૮ ગામનો સમાવેશ થાય છે.

વેક્સિનેશન અભિયાન હજુ પણ વેગીલુ બનાવવામાં આવશે તેમ તંત્રના સૂત્રોનું કહેવુ છે.

દરમ્યાન ગાંધીનગર શહેરમાં કોરના વેક્સિનેશન હેઠળ અત્યાર સુધીમાં ૪,૦૪,૨૨૫ લોકોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં ૩,૦૮,૫૨૭ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૯૫,૬૯૮ લોકોને વેક્સિનના બન્ને ડોઝ આપવામાં આવ્યા છે.

શહેરમાં ૨,૨૭,૦૫૭ પુરૂષો અને ૧,૭૭,૦૯૩ મહિલાઓને આ અભિયાનમાં આવરી લેવામાં આવેલ છે. શહેરમાં ૧૮ થી ૪૪ વયજૂથમાં ૨,૪૪,૨૨૦ લોકોને ૪૫ થી ૬૦ના વયજૂથમાં ૧,૦૦,૦૧૭ લોકોને અને ૬૦ થી ઉપરની વયના ૫૯,૯૮૮ લોકોને આવરી લેવામાં આવ્યા છે.



ગાંધીનગરમાં આજકાલ ભીખારીઓની સંખ્યા ખૂબ વધી ગઈ હોય તેવુ લાગે છે. ટ્રાફિક સિગ્નલ પર વાહન ઉભુ રહે કે કેટલીક સ્ત્રીઓ કેડમાં બાળક રાખીને ભીખ માંગવા આવી પહોંચે છે. બાળક નાનુ હોય એટલે સ્વાભાવિક રીતે જ સહાનુભૂતિપૂર્વક લોકો ભીખ આપે છે. શહેરના લગભગ દરેક ટ્રાફિક સિગ્નલ પર આવા દ્રશ્યો જોવા મળે છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં ભીખ માંગવાની વૃત્તિમાં જે પ્રકારે વધારો થયો છે તે તપાસનો વિષય છે.

## શહેરની ૩૧ બાંધકામ સાઈટોને મચ્છરોની ઉત્પત્તિને લઈ બીજીવાર નોટીસ

**વાહકજન્ય રોગચાળાના કેસો વધતાં તંત્રની ચિંતામાં વધારો**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળો વકરતાં તંત્રએ ૩૧ બાંધકામ સાઈટોને બીજીવાર અને ૮ જી.આઈ.ડી.સી.ના એકમોને નોટીસો ફટકારી છે.

શહેરી મેલેરિયાતંત્ર દ્વારા શહેરમાં સર્વેલન્સની કામગીરી સઘન બનાવવામાં આવી છે. ૧૨૦ જેટલા કર્મયોગીઓ દ્વારા આ સર્વેલન્સની કામગીરી ચાલી રહી છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં આ વખતે ડેન્ગ્યુના કેસો વધી રહ્યા છે. ૧૪ જેટલા સરકારી હોસ્પિટલમાં તો ૬૪ થી વધુ ખાનગી દવાખાનામાં ડેન્ગ્યુના કેસો નોંધાયા છે. મેલેરિયાના કેસોની સંખ્યા ૫૪ની આસપાસ નોંધાઈ છે અને ખાનગી દવાખાનાઓમાં પણ આટલી જ સંખ્યામાં કેસો નોંધાયા છે.

તંત્રની ટીમો દ્વારા આજે શહેરના જી.આઈ.ડી.સી. વિસ્તાર તેમજ ૭ હજાર જેટલા ઘરોની તપાસ હાથ ધરવામાં આવી હતી. ૨૩૧ જેટલા ઘરોમાંથી મચ્છરોના બ્રિડીંગ મળી આવતાં તંત્રની ટીમો ચોંકી ઉઠી હતી અને તાત્કાલિક પોરાનાશક કામગીરી હાથ ધરી હતી.

મચ્છરોની ઉત્પત્તિ માટે હાલ સાનુકૂળ વાતાવરણ હોવાથી તંત્રએ શહેરમાં સર્વેલન્સ સઘન કર્યુ છે એટલુ જ નહિ આ માટેના સંવેદનશીલ વિસ્તારોમાં તે વધુ સઘન કરવામાં આવ્યુ છે. વાહકજન્ય રોગચાળાના કેસો જે રીતે વધી રહ્યા છે તેનાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

## શિક્ષકો આજે કાળી પટ્ટી ધારણ કરી શૈક્ષણિક કાર્ય કરશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકો આજે કાળી પટ્ટી ધારણ કરી અને શિક્ષણ કાર્ય કરશે.

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર શિક્ષક સંઘ મહામંડળના જોજા હેઠળ આખા રાજ્યમાં પડતર પ્રશ્નો અંગે વિરોધ ચાલી રહ્યો છે. આજે આમ તો મૌન ધરણાનો કાર્યક્રમ નિયત કરવામાં આવેલ હતો પરંતુ તંત્ર તરફથી તે અંગે મંજૂરી ના મળતાં કાળી પટ્ટી ધારણ કરી અને શૈક્ષણિક કાર્ય કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. મળતી વિગતો મુજબ જિલ્લા માધ્યમિક અને ઉ.મા. શિક્ષકો કાળી પટ્ટી ધારણ કરી બ્લેક બોર્ડ સાથેનો ફોટો પણ શૈક્ષણિક ગૃપમાં અપલોડ કરવા જણાવ્યુ છે.

આ શિક્ષકો પાંચ વર્ષની ફિક્સ પગારની નોકરી તમામ હેતુઓ માટે સળંગ ગણવા, સાતમા પગાર પંચના બાકી હપ્તા રોકડમાં ચુકવવા સહિતના તેમના પડતર પ્રશ્નો અંગે રજુઆતો કરી રહ્યા છે.

## શહેરના સેક્ટર-૨૦માં કોરોનાનો એક કેસ નોંધાયો

**ગ્રામીણ વિસ્તારમાં શૂન્ય કેસ**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાનો એક કેસ મળી આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે પણ કોરોનાનો એકેય કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં પાંચ દિવસ બાદ કોરોનાનો એક કેસ મળી આવેલ છે. ગાંધીનગર શહેરના સે. ૨૦માંથી ૬૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

**શહેર-જિલ્લામાં રિકવરી રેટ ૯૫ ટકાથી ઉપરનો નોંધાયેલો છે. છુટા છવાયા કેસો મળી રહ્યા છે અને તંત્ર ચાંપતી નજર પરિસ્થિતિ પર રાખી રહેલ છે.**

ગાંધીનગર શહેરમાં આ દર્દી સાથે ૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાંથી કોરોનાનો કેસ મળતાં જ તંત્ર સતર્ક બની ગયુ છે અને સર્વેલન્સ સઘન કરવાની સૂચનાઓ આપવામાં આવી છે.

બીજી તરફ ગ્રામ્ય વિસ્તારમાં સતત નવમા દિવસે પણ કોરોનાનો એકેય કેસ નોંધાયો નથી. ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાંથી એક પણ દર્દી હાલ સારવાર હેઠળ નથી.

જિલ્લામાં સંક્રમણની સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરતાં તંત્રએ જણાવ્યુ છે કે શહેર-જિલ્લામાં રિકવરી રેટ ૯૫ ટકાથી ઉપરનો નોંધાયેલો છે. છુટા છવાયા કેસો મળી રહ્યા છે અને તંત્ર ચાંપતી નજર પરિસ્થિતિ પર રાખી રહેલ છે. સર્વેલન્સની કામગીરી પણ અસરકારક બનાવવામાં આવી હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

## વાદળછાયા વાતાવરણથી ખરીફ પાકને નુકસાનનો ભય

**ચૂસિયા પ્રકારની જીવાતોનો ઉપદ્રવ અને વરસાદની ખેંચથી ખરીફ પાકને નુકસાનનો ભય**

ગાંધીનગર, તા. ૬

સતત વાદળછાયુ વાતાવરણ તેમજ ચૂસિયા પ્રકારની જીવાતોના ઉપદ્રવ અને વરસાદની ખેંચને પગલે ખરીફ પાકને ભારે નુકશાન થવાનો ભય ઉભો થયો છે.

વરસાદ આ સિઝનમાં હજુ જોઈએ તેવો વરસ્યો નથી. ઓગષ્ટનું પ્રથમ સપ્તાહ પૂર્ણ થવા આવ્યુ હોવા છતાં જિલ્લામાં ૨૦ ટકા વરસાદની ઘટ છે અને પાણીની ખેંચના કારણે ખેડૂતોને વાવણી કરેલ પાકને બચાવવા માટે પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

જિલ્લામાં વરસાદની ખેંચને કારણે ભૂગર્ભ જળના સ્તર વધુ ને વધુ નીચે જઈ રહ્યા છે. જિલ્લામાં વાદળછાયુ વાતાવરણ સતત રહેતુ હોવાને કારણે ચૂસિયા પ્રકારની જીવાતોનો પણ ઉપદ્રવ થયો છે.

**જિલ્લામાં આ વખતે વરસાદની ખેંચ ઉભી થતાં ખેડૂતોમાં ચિંતા**

જિલ્લામાં આ વખતે વરસાદની ખેંચ ઉભી થતાં ખેડૂતોની ચિંતા વધી છે. દહેગામ તાલુકામાં હજુ વાવણીલાયક વરસાદ થયો નથી. જ્યારે ત્રણ તાલુકામાં પણ વરસાદ જે થવો જોઈએ તે થયો નથી. જિલ્લામાં ખરીફ પાકનું વાવેતર પ્રથમ તબક્કામાં ૫૦ ટકા જેટલુ થયુ હતુ આ પછી વાતાવરણ પલ્ટાતાં લોકોએ કઠોળ અને શાકભાજીના પાકોનું વાવેતર શરૂ કર્યુ હતુ તેમાં પણ હવે સ્થગિતતા આવી છે.

જિલ્લામાં વરસાદ જે રીતે ખેંચાઈ રહ્યો છે તેનાથી ઉભા પાકને બચાવવા માટે ખેડૂત પાણી માટે દોડાદોડીમાં વ્યસ્ત બન્યો છે. જિલ્લામાં સિંચાઈની સુવિધા ઓછી છે અને ભૂગર્ભજળના સ્તર નીચે જઈ રહ્યા હોવાથી ખેડૂતોની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

## વાવોલમાં ભરાયેલા વરસાદી પાણીમાં મચ્છરોનો ઉપદ્રવ



વાવોલ ગામની મધ્યમાં સેન્ટ્રલ બેંક નજીક જ વરસાદી પાણીના ભરાવાને કારણે ગંદકી અને કાદવ-કીચડ સાથે માખી-મચ્છર જેવા રોગજન્ય જીવજંતુઓનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે જેના કારણે સ્થાનિક રહેવાસીઓનું આરોગ્ય જોખમમાં મુકાઈ રહ્યું છે. ગામના આંતરિક રસ્તાઓ ઉપર આરસીસી રોડ બનાવતી વેળાએ કરાયેલા અણઘડ આયોજનને કારણે અનેક સ્થળે વરસાદી પાણીનો ભરાવો થાય છે જે ઘણા દિવસો સુધી તડકો નીકળવા છતાં સુકાતો નથી જેમાં મચ્છરોનો ઉપદ્રવ થાય છે. વહીવટીતંત્ર દ્વારા સત્વરે આ વરસાદી પાણીનો નિકાલ કરી જંતુનાશક દવાનો છંટકાવ કરાય તે જરૂરી જણાઈ રહ્યું છે.

# શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ પણ હજુ ૬૦ ટકા વિદ્યાર્થીઓની ગેરહાજરી

**સંમત્તિ આપ્યા બાદ પણ ૧૦ ટકા વાલીઓ વિદ્યાર્થીઓને શાળાએ મોકલતા નથી : જો કે ધીમે ધીમે વિદ્યાર્થીઓની હાજરીમાં વધારો થઇ રહ્યો હોવાનુ પણ શાળા સંચાલકો જણાવી રહ્યા છે**

ગાંધીનગર તા ૬

કોરોનાની બીજી ઘાતક લહેરના અંતે સરકારે શાળાઓ શરૂ કરવાનો નિર્ણય લીધા બાદ હાલ શાળા સંકુલોમાં વિદ્યાર્થીઓનો કોલાહલ ગુંજતો થયો છે. જો કે હજુ શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. નગરની શાળાઓમાં સરેરાશ ૪૦ ટકા વિદ્યાર્થીઓની હાજરી છે. શાળાઓને સંમત્તિ પત્રક આપ્યા બાદ પણ ૧૦ ટકા વાલીઓ વિદ્યાર્થીઓને શાળાએ મોકવાનુ ટાળી રહ્યા છે. જો કે દિનપ્રતિદિન શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરીમાં અંશત : વધારો થઈ રહ્યો છે.

કોરોનાના કપરા સમયમાં છેલ્લા ઘણાં સમયથી શાળાઓ બંધ છે. અલબત્ત શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણની કામગીરી ઠપ્પ



થઈ ગઈ છે. અત્યાર સુધી માત્ર ઓનલાઈન શિક્ષણના આધારે જ શિક્ષણકાર્ય ચાલતુ હતુ જયારે કોરોનાની બીજી લહેર અત્યંત ઘાતક સાબિત થયા બાદ છેલ્લા કેટલાક સમયથી કોરોનાના કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ગાંધીનગર જિલ્લામાં પણ કોરોનાના કેસ જીરો થતા નગરજનોએ હાંશકારો અનુભવ્યો છે. આ સ્થિતિ વચ્ચે સરકારે શાળાઓમાં વિદ્યાર્થીઓની કોલાહલ ગુંજતી થાય તે માટે પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ કરવા માટે આયોજન કર્યુ હતુ ગાંધીનગર જિલ્લામાં પણ છેલ્લા કેટલાક દિવસોથી શાળા સંકુલોમાં વિદ્યાર્થીઓની અવરજવર વિશેષ જોવા મળે છે. જો કે શાળાઓમાં હજુ વિદ્યાર્થીઓની હાજરી પુરતી થતી નથી પરંતુ શાળા સંકુલોમાં સ્કુલ ડ્રેસમાં આવતા વિદ્યાર્થીઓની અવરજવરથી રોનક આવી ગઈ છે. શાળાના આચાર્યો તેમજ સંચાલકોના જણાંવ્યા મુજબ હજુ શાળાઓમાં વિદ્યાર્થીની હાજરીમાં નોંધપાત્ર ઘટાડો છે. પરંતુ જેમ દિવસ જાય છે તેમ વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધી રહી છે. હાલની સ્થિતિએ નગરની શાળામાં અંદાજિત ૩૦ ટકા વિદ્યાર્થીઓની હાજરી છે. સરેરાશ હાજરીની સામે અંદાજિત ૪૦ ટકા જેટલા વાલીઓએ વિદ્યાર્થીઓની હાજરી સંદર્ભે સંમત્તિ પત્રક પણ આપ્યા છે. પરંતુ સંમતિ આપ્યા બાદ પણ

● અનુસંધાન પાન-૭ પર

### વિદ્યાર્થીઓને પાયો પાકો થાય તે માટે પ્રત્યક્ષ શિક્ષણ જરૂરી

કોરોના કાળમાં લાંબા સમય બાદ શાળાઓ શરૂ કરવામાં આવી છે.જેથી કેટલાક વિદ્યાર્થીઓ ઉત્સાહભેર શાળાએ જતા નજરે પડે છે. જેના લીધે શાળા સંકુલમાં પણ ધમધમાટ જોવા મળી રહ્યો છે. પરંતુ હજુ શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી ઘટે છે. ત્યારે ઓનલાઇન શિક્ષણનો વિકલ્પ પણ ખુલ્લો હોવાથી કોરોનાની ત્રીજી લહેરના ખતરા વચ્ચે વિદ્યાર્થીઓને શાળાએ મોકલવાનુ ટાળી રહ્યા છે. પરંતુ ઓનલાઇન શિક્ષણના વિકલ્પ સાથે પ્રત્યક્ષ શિક્ષણના અભાવે વિદ્યાર્થીઓના શિક્ષણ પર માંઠી અસર પડી રહી છે. ગત વર્ષે સરકારે માસ પ્રમોશન આપ્યુ હતુ. ત્યારે પ્રત્યક્ષ શિક્ષણના અભાવે વિદ્યાર્થીઓનુ પાયાનુ શિક્ષણ પણ રૂંધાઇ રહ્યુ હોવાનો સુર શિક્ષણવિદો વ્યકત કરી રહ્યા છે.

### સ્કુલ વર્ધી અને હોસ્ટેલનો ખર્ચ ટાળવાનો પ્રયાસ

કોરોના કાળમાં શાળાનુ પગથિયુ ચઢવાનુ ભુલી ગયેલા વિદ્યાર્થીઓ હજુ પણ પુરતી સંખ્યામાં શાળાએ આવતા નથી ત્યારે ઓનલાઇનનો વિકલ્પ હોવાની સાથે શાળાએ આવવા માટે સ્કુલ ડ્રેસ, હોસ્ટેલ, સ્કુલ વર્ધીના વાહનો સહીતનો ખર્ચ પણ થાય છે ત્યારે છેલ્લા દોઢ વર્ષથી ઓનલાઇન શિક્ષણથી ટેવાયેલા ઘણાં ખરા વિદ્યાર્થીઓના વાલીઓ તેમના પાલ્યને શાળાએ મોકલવાનુ ટાળી રહ્યા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જો કે શાળા શરૂ થયા બાદ ધીમે ધીમે હવે વિદ્યાર્થીઓની સંખ્યા વધી રહી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com